**Divya Bhaskar [Gujarati], March 8, 2011**

# ટીસીએસના આઈટી ક્વિઝ ૧૨મીએ યોજાશે

**સિટી રિપોર્ટર . અમદાવાદ**

દેશનાં ટોચનાં ઔદ્યોગિક જૂથ સમા તાતા કંપની ટીસીએસ (ટાટા કન્સલ્ટન્સી સર્વિસીઝ) દ્વારા આઈટી વિઝ ૨૦૧૧નું આયોજન થનાર છે. આ આઈટી ક્વિઝ, ૧૨ ઓગસ્ટ, ૨૦૧૧નાં રોજ ટાગોર હોલ ખાતે યોજાવાનું છે.

આ ક્વિઝ કોમ્પિટિશનમાં ધોરણ ૮થી ધોરણ૧૨માં ભણતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તેમજ આ ક્વિઝ કોમ્પિટિશનમાં ભાગ લેવા માટે કોઈ ફી પણ રાખવામાં આવી નથી. ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૧નાં પ્રાદેશિક રાઉન્ડ્સ ૧૨ શહેરોમાં યોજાશે. જેમાં હૈદરાબાદ, અમદાવાદ, બેંગ્લોર, ચેન્નાઈ, કોઈમ્બતુર, પૂણે, કોલકાતા, ભુવનેશ્વર, કોચી, લખનૌ, દિલ્હી અને મુંબઈનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં ૨ લાખથી પણ વધારે વિદ્યાર્થીઓ સુધી પહોંચવાની અપેક્ષા છે. પ્રાદેશિક રાઉન્ડ બાદ ડિસેમ્બરમાં રાષ્ટ્રીય ફાઈનલ યોજાશે. જેમાં પ્રાદેશિક રાઉન્ડમાં વિજેતા બનેલી ૧૨ ટીમો ટીસીએસ આઈટી વિઝ નેશનલ ચેમ્પિયન ટાઈટલ માટે સ્પર્ધા કરશે.

## ૧૦ ઓગસ્ટ સુધી રજિસ્ટ્રેશન

આઈટી વિઝમાં ભાગ લેવા માંગતી સંસ્થાઓએ ૧૦ ઓગસ્ટ, ૨૦૧૧ સુધીમાં તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઈન્ફોટાવર ૧, ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે અરજી કરવાની રહેશે. આ વર્ષે શાળાઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન પણ કરાવી શકશે. લેખિત પ્રાથમિક રાઉન્ડમાં સ્થળ પર જ ભાગ લેનારી ટીમો માટે ૨૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પ્રશ્નો મૌખિક, દૃશ્ય સ્વરૂપમાં અને દૃશ્ય-શ્રાવક સ્વરૂપમાં રહેશે. પ્રાથમિક લેખિત રાઉન્ડમાં ટોચની ૯ ટીમો ફાઈનલ માટે પસંદગી પામશે.